## ધોરણ 8 સામાજિક વિજ્ઞાન

તારીખ : 02-10-2021

ch 15

સમય : 0 મિનિટ

8th s.s

કુલ ગુણ : 32

* **નીચેના વિધાનોમાં યોગ્ય શબ્દ લખી ખાલી જગ્યા પૂરો.** **[4]**

1. બંધારણની શરૂઆત.................થી થાય છે,

**જવાબ :** આમુખ

2. બંધારણ સભાના અધ્યક્ષ.......................હતા

**જવાબ :** ડૉ. રાજેન્દ્ર પ્રસાદ

3. બંધારણ સભામાં કુલ....................સંભ્યો હતા

**જવાબ :** 389

4. બંધારણમાં ................શાસન વ્યવસ્થાની જોગવાઈ કરવામાં આવી છે.

**જવાબ :** સંઘિય

* **માગ્યા મુજબ જવાબ આપો: (દરેકનો 1 ગુણ)** **[4]**

5. બંધારણનો અર્થ જણાવો.

**જવાબ :** "કોઈપણ દેશનું શાસન ચલાવવા માટે ઘડવામાં આવેલા નિયમોના વ્યવસ્થિત સંગ્રહને દેશનું બંધારણ કહેવામાં આવે છે."

6. બંધારણના ઘડવૈયા તરીકે કોને ઓળખવામાં આવે છે.

**જવાબ :** ભીમરાવ આંબેડકરને બંધારણના ઘડવૈયા તરીકે ઓળખવામાં આવે છે,

7. લોકશાહી એટલે શું?

**જવાબ :** લોકશાહી એ "લોકો વડે, લોકો દ્વારા અને લોકો માટે ચાલતું શાસન".

8. બંધારણ ક્યારે અમલમાં આવ્યું?

**જવાબ :** 26મી જાન્યુઆરી, 1950 ના રોજ ભારતીય બંધારણ અમલમાં આવ્યું.

* **નીચે આપેલ પ્રશ્નોના સંક્ષિપ્ત જવાબ આપો : (દરેક પ્રશ્નના 2 ગુણ છે.)** **[2]**

9. જો નાગરિકોને મૂળભૂત હક ના હોય તો કેવી સ્થિતિ સર્જાય.

**જવાબ :**

- જો નાગરિકોને મૂળભૂત હકો ના હોય તો રાષ્ટ્રની સ્થિરતા અને નાગરિકોની સ્વતંત્રતા જોખમાય છે .
- મૂળભૂત હકો નાગરિકના વ્યક્તિત્વના સર્વોત્તમ વિકાસ માટે અનુકૂળતાઓ કરે છે, નાગરિકોને સરળ, સ્વચ્છ, સમજદારીભર્યું અને સમૃદ્ધ જીવન જીવવા માટે મૂળભૂત હકો અનિવાર્ય છે, મૂળભૂત હકોમાં લોકશાહીની ભાવના સમાયેલી છે, તેથી જે નાગરિકોને મૂળભૂત હકૌના હોય તો લોકશાહી શાસન પદ્ધતિ મૃતપાય બને છે.

* **નીચેના પ્રશ્નોનાં મુદ્દાસર ઉત્તર લખો. (દરેક પ્રશ્નના 4 ગુણ છે.)** **[12]**

10. કોઈ પણ બે મૂળભૂત હકો વિશે વિસ્તારથી લખો. (સ્વા. અM)

**જવાબ :**

- ભારતીય બંધારણમાં મુખ્ય છ મૂળભૂત હક્કો છે, (1) સમાનતાનો કે (2) સ્વતંત્રતાનો હક (3)શોષણ સામે વિરોધનો હક (4) ધાર્મિક સ્વતંત્રતાનો હક (5) સાંસ્કૃતિક અને શૈક્ષણિક હક (6) બંધારણીય ઈલાજનો હક
- (A) સમાનતાનો હક : ભારતમાં કાયદાની દૃષ્ટિએ દેશના તમામ નાગરિકો એક સમાન છે. બંધારામાં ધર્મ, જાતિ, લિંગ અને રંગને આધારે કોઈપણ પક્ષપાત કે ભેદભાવ કરવામાં આવતો નથી. દેશના તમામ નાગરિકોને યોગ્યતા પ્રમાણે સમાન તક મળે છે દા,ત, ભારતના વડાપ્રધાન કે રાષ્ટ્રપતિના પદ
- (B) બંધારણીય ઈલાજનો હક : કે દેશમાં ગમે એટલે કાયદા ઘડવામાં આવે, મૂળભૂત હકોની જોગવાઈ કરવામાં આવે છે. પરંતુ, જે તેનો અમલ યોગ્ય રીતે ન થાય તો આવી સ્વતંત્રતા અર્થ વિહિન છે. તેથી આ હોના અમલ માટે બંધારણીય ઈલાજનો હક આપવામાં આવ્યો છે. જે અંતર્ગત જે નાગરિકોને મૂળભૂત અધિકારીની વંચિત રાખવામાં આવે તો તે ન્યાયાલયનો આશરો લઈ શકે છે. કેટલાક વિશિષ્ટ સંજોગોમાં મૂળભૂત હકોને મર્યાદિત કરવાના સ્થગિત કરવાની જોગવાઈ છે. ડૉ. આંબેડકરે બંધારણીય ઈલાજના હકને બંધારણના માત્મા સમાન" કાર્યો છે,

11. તમામ મૂળભૂત ફરજો - વિદ્યાર્થી જીવનમાં કેવી રીતે બજાવી શકાય.

**જવાબ :**

- ભારતના નાગરિક તરીકે અને આદર્શ વિદ્યાર્થી તરીકે બંધારણે આપેલ મૂળભૂત ફરજોનું પાલને હું મારા જીવનમાં નીચેની રીતે કરીશ. દેશના ન્યાયતંત્ર, પોલીસતંત્ર, લશ્કર વગેરેનું હંમેશા સમ્માન કરીશ.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- 15 મી ઑગસ્ટ, 26મી જાન્યુઆરી જેવા રાષ્ટ્રીય તહેવારોએ જાહેર ધ્વજવંદનમાં ભાર લઈશ.
- રાષ્ટ્રગીતયોગ્યલય અને સમયમાં પુરા કરવા પ્રયત્નશીલ રહીશ. ભારતને આઝાદી અપાવનાર સ્વાતંત્ર્ય સેનાનીઓ, કાંતિવીરોની ગૌરવ ગાથાઓના પ્રેરક પ્રસંગોને જીવનમાં ઉતારીશ.
- વર્ગખંડમાં વિવિધ જતી ધર્મ અને પ્રદેશના વિદ્યાર્થીઓને મિત્રો બનાવીશ.
- શાળામાં ચાલતા N.S.S અને N.C.Cની પ્રવૃત્તિઓમાં જોડાઈશ. બસમાં કે અન્ય જાહેર સ્થળોએ જીઓ, વૃદ્ધો અને દિવ્યાંગોને ઊભાં થઈ જગ્યા આપી
- અલગ અલગ ધર્મના ઉત્સવો શાળા કે ખે ઉજવીશું. તળાવો, નદીઓમાં કચરો નહીં નાખવો અને તેને સ્વચ્છ રાખવા લોકોને સમજવી.
- જીવદયા માટે પાણીના કૂંડા, પઢીઓને ચણ મારી સોસાયટીમાં રાખીશ. ઈશ્વમસ્તપશુ, પક્ષીઓની સારવાર માટેની વ્યવસ્થાનો લાભ લઈશ.
- અંધશ્રદ્ધાની સામે વૈજ્ઞાનિક સંશોધનો પર વિશ્વાસ રાખીડા. જાહેર સ્થળો અને મિલકતોને કોઈપણ પ્રકારનું નુકશાન નહીં કરું તેને સ્વચ્છ રાખીશ.
- જો મારી આજુબાજુના વિસ્તારમાં કોઈ બાળક શાળાએ ન જતો હોય તો શિક્ષકની મદદથી તેને શાળામાં આવતો કરીશ.
- આમ, અલગ - અલગ રીતે હું બંધારણીય ફરજોનું પાત્ર કરીશ.

12. 26 નવેમ્બરને બંધારણ-દિવસ તરીકે શા માટે ઊજવવામાં આવે છે?

**જવાબ :**

- ડિસેમ્બર 1946ના રોજ બંધારણ સભાની કમગીરી શરૂ થઈ. 2 વર્ષ 11 માસ ૪ દિવસે તેનું સંપૂર્ણ કાર્ય પૂર્ણ થયું.
- 26 નવેમ્બર 1949 ના રોજ આ બંધારણનો સ્વીકાર બંધારણ સભાએ કર્યો, માટે 26 નવેમ્બરના દિવસને બંધારણા દિવસ તરીકે ઊજવવામાં આવે છે

*** નીચેના પ્રશ્નોનાં મુદ્દાસર ઉત્તર લખો. (દરેક પ્રશ્નના 5 ગુણ છે.)** **[10]**

13. બંધારણની મુખ્ય વિશેષતાઓ જણાવો

**જવાબ :**

- ભારતીય બંધારણની મુખ્ય ચાર વિશિષ્ટતા છે. (1) લોકશાહી (2) ધર્મ નિરપેક્ષતા (3) પ્રજાસત્તાક (4) સંઘ રાજ્ય

(1) લોકશાહી : લોકશાહી એટલે લોકો વડે, લોકો દ્વારા અને લોકો માટે ચાલતું શાસન. ભારતમાં લોકશાહી શાસન પદ્ધતિ છે દર પાંચ વર્ષે ચૂંટણીઓ યોજાય છે. તેમાં ભારતનો કોઈપણ વ્યક્તિ ચૂંટણી લડી શકે છે. 18 વર્ષ થી ઉપરની ઉંમરના મતદાન દ્વારા પોતાના પ્રતિનિધિઓ ચૂંટે છે. આ તિનિધિઓ પાંચ વર્ષ સુધી લોકોનું પ્રતિનિધિત્વ કરે છે. લોકશાહીના ભાગરૂપે દેશના નાગરિકોને વિચાર, અભિવ્યક્તિ અને ઈચ્છા અનુસાર ધર્મ પાળવાની સ્વતંત્રતા મળી છે.

(2) ધર્મ નિરપેક્ષતાઃ ભારત એક ધર્મ નિરપેક્ષ દેશ છે. જેથી દેશનું શાસન કોઈ સંપ્રદાયની કે ધર્મની માન્યતાને આધારે ચાલતું નથી. સંપ્રદાયને આધારે એક કે બીજા નાગરિકો વચ્ચે ભેદભાવ કે પક્ષપાત રાખવામાં આવતો નથી. દેશના નાગરિકને પોતાના ધર્મ પાળવાની, માન્યતા ધરાવવાની અને તેના પ્રસાર અને પ્રચાર કરવાની સ્વતંત્રતા અપાઈ છે.

(3) પ્રજાસત્તાક : પ્રજાના હાથમાં સત્તા હોય તેવું રાષ્ટ્ર એટલે પ્રજાસત્તાક દેશમાં લોકો દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ વહીવટ સંભાળે છે. દેશના રાષ્ટ્રપતિ પણ લોકો દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ મતદાનથી જ ચુંટાય છે. બંધારણ મુજબ રાજપના તમામ હોદાઓ ધર્મ, જાતિ, લિંગ જેવા કોઈપન્ન ભેદભાવ વગેરે તમામ નાગરિકો માટે ખુલ્લા છે.

(4) સંઘરાજ્ય : ભારતે જુદા જુદા રાજ્યનો બનેલો "સઘ" છે ભારતનું ભૌગોલિક ક્ષેત્રફળ અને વિશાળ જનસંખ્યા, વિવિપતાને જોતા કોઈ એક જ કેન્દ્રમાંથી શાસન કરવું મુશ્કેલ છે, તેથી બંધારણમાં સંઘીય શાસન વ્યવસ્થાની જોગવાઈ કરવામાં આવે છે.

- સંઘીય શાસનમાં દ્વિસ્તરીય સરકારો છે.

(1) સંઘરરકાર કેન્દ્ર સરકાર) : દેશના મહત્વનાં કાર્યો અને સત્તા ધરાવે છે

(2) રાજ્ય સરકાર : સ્થાનિક ક્ષાના કાર્યો અને સત્તા ધરાવે છે, આ બંને પ્રકારની સરકારી વચ્ચે કાર્યો અને સત્તાની સ્પષ્ટ વહેંચણી કરવામાં આવી છે.

14. કોઈ પણ ચાર મૂળભૂત ફરજો જણાવો.

**જવાબ :**

- (I) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો તથા સંસ્થાનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની,
- (2) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય ક્તિને પ્રેરણા આપનાર ઉમદા આદેશને કૃદયમાં પ્રતિતિ કરવાની અને અનુસરવાની,
- (3) ભારતના સાર્વભૌમત્વ એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની,
- (4) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજીવવાની હાકલ થતાં, તેમ કરવાની,
- (5) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા ઘવારી દેવાની.
- (6) આપણી સમન્વિત સંસ્કૃતિના સમુદ્ર વારસાનું મૂલ્ય સમજી તે જળવી રાખવાની,
- (7) જંગલ, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની તથા તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની,
- (8) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જીજ્ઞાસા તથા સુધારણાની વિના કેળવવાની,
- (9) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાને ત્યાગ કરવાની,



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- (10) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું છે. એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે ઐક્તા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની,
- (11) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

----- -----

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in